**ડાયરેક્ટ ❤ સે**

પ્રેમ અને ઉધારી
ત્યાં જ આપો
જ્યાંથી તે
પાછાં આવવાની
શક્યતા હોય

# શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય બૉક્સિંગ સ્પર્ધામાં ઝળકી

## પ્રિયા ચૌધરી રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમાંક વિજેતા



ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિની પ્રિયા માધુભાઈ ચૌધરીએ રાજ્ય કક્ષાની બૉક્સિંગ રમત સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પરફોર્મન્સ કરી પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આ સ્પર્ધા શનિવારે અમદાવાદમાં નિકોલ ખાતે સ્થિત ચાણક્ય સ્કૂલમાં યોજાઈ હતી.

શાળા પરિવાર વતી આચાર્યએ વિજેતા વિદ્યાર્થિની અને માર્ગદર્શક શિક્ષકો હેતલબેન દેસાઈ તથા વિનાક્ષીબેન સુતરીયાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં ઝળકી









ગાંધીનગર, તા. ૬

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૫ ખાતે તાજેતરમાં એથ્લેટિક્સ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ વિવિધ ઈવેન્ટમાં વિજેતા બની હતી.

નેહા બી ચૌધરી ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, જાહ્નવી એમ ચૌધરી ૮૦૦ મીટર દોડમાં પ્રથમ, સુહાની આર ચૌધરી ગોળાફેંકમાં પ્રથમ, દક્ષા આઈ ચૌધરી ૩ હજાર મીટર દોડમાં પ્રથમ અને વર્ષા જે ચૌધરી ૧૫૦૦ મીટર દોડમાં દ્વિતિય ક્રમે વિજેતા બની હતી. આ સમગ્ર રમતોનું આયોજન ઉપાસનાબેન વાઘેલાએ કર્યું હતું. વિજેતા વિદ્યાર્થિનીઓને આચાર્ય પ્રવીણાબેન ચૌધરીએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે મૅન્ટલ હૅલ્થ કાઉન્સેલિંગ

ગાંધીનગર, તા. ૬

સિધ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ખાતે તાજેતરમાં જીવન આસ્થા હૅલ્પલાઈન સંસ્થાના જૉય સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને યુવા વર્ગને સ્પર્શતા જુદા-જુદા મુદ્દાઓ અંગે મૅન્ટલ હૅલ્થ કાઉન્સેલિંગ અને પ્રશ્નોત્તરીના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

# જન્મદિને વધામણી



બાબુલાલ જે સુથાર
ફોન : ૨૩૨૬૦૩૦૨
મો. ૯૮૨૫૩ ૬૦૮૨૩



ભાવેશકુમાર કે પટેલ
મો. ૯૪૨૮૯ ૪૪૧૮૮



મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



વિશાલ આર શ્રીમાળી
મો. ૬૩૫૪૭ ૧૭૦૯૩

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# પુસ્તક પરબમાં પુસ્તકોની સાથે યુવાઓએ ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો




ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર એટલે ફ્રેન્ડશીપ ડે અને એના કારણે આ દિવસે પુસ્તક પરબમાં આવનાર યુવાનો વધુ હતા. આમ તો પુસ્તકો આપણાં શ્રેષ્ઠ મિત્ર છે. જેણે પુસ્તક સાથે મિત્રતા કરી એનો બેડો પાર થઈ જાય છે. પણ આ વખતની પુસ્તક પરબમાં યુવાઓને આ ઉક્તિ સમજાઈ હોય તેવું લાગ્યું હતું. આ વખતે ૭૭૦ પુસ્તકોની આવક થઈ તો ૪૬૨ની જાવક થઈ. દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબમાં હવે તો નિયમિત મુલાકાતીઓની સાથે નવા યુવાનો ઉમેરાતા જાય છે.

# આર જી પટેલ સ્કૂલ દ્વારા કૉલેજ લાઈબ્રેરીની મુલાકાત

ગાંધીનગર, તા. ૬

આર જી પટેલ કન્યા શાળાની ધોરણ-૯ની ૨૩૦ વિદ્યાર્થિનીઓએ તાજેતરમાં નાથીબા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજની મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થિનીઓએ ગ્રંથાલયને ધ્યાનથી નિહાળ્યું હતું અને પુસ્તકોની ગોઠવણ, યુજીસી દ્વારા મળતા લાભ, પુસ્તકો, ઍનસાઈક્લોપેડિયા, ઈન્ટરનેટ આધારિત પુસ્તકોની લેવડદેવડ, ઈબૂક વગેરે અંગે વિગતવાર માહિતી પ્રાપ્ત કરી હતી.

કૉલેજનાં ગ્રંથપાલ મયુરીબેન દ્વારા વિદ્યાર્થીઓને વિશદ માહિતી આપવામાં આવી હતી તથા તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પાઠવવામાં આવ્યા હતા. શાળાના ગ્રંથપાલ પણ સંપૂર્ણ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓની સાથે રહ્યા હતા.

# તાલુકા કબડ્ડી સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૬

તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધા (અન્ડર-૧૯) તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી જેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની વિદ્યાર્થિનીઓએ સુંદર દેખાવ કરી પ્રથમ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યું હતું. શાળા પરિવારે હર્ષની લાગણી વ્યક્ત કરતાં વિદ્યાર્થિનીઓ અને માર્ગદર્શક શિક્ષક હેતલબેન દેસાઈ, વિનાક્ષીબેન સુતરિયા પ્રતિ અભિનંદનનો પ્રવાહ વહાવ્યો હતો.

# ઝોન-ડી કક્ષાના રમતોત્સવમાં આદર્શ નિવાસી શાળા ઝળકી



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ઝોન-ડી કક્ષાનો શાળાકીય રમતોત્સવ તાજેતરમાં યોજાયો હતો, જેમાં આદર્શ નિવાસી કન્યા શાળા, સૅક્ટર-૮ની વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો હતો.

મિત્તલ પરમારે ૨૦૦ મીટર દોડમાં અને દિપીકા સોલંકીએ બરછી ફેંકમાં જિલ્લાકક્ષાએ પ્રથમ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત મિત્તલ, દિપીકા, ધર્મિષ્ઠા અને રિન્કુ કબડ્ડીની સ્પર્ધા માટે રાજ્યકક્ષાની ટીમમાં પસંદગી પામી હતી.

આચાર્ય જ્યોતિબેને વિજેતા વિદ્યાર્થિનીઓ અને પીટી ટીચર આર જી ડામોરને સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.




ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા કુમાર અને કન્યા છાત્રોને ઓરી-રૂબેલા રસી આપવા માટેના કાર્યક્રમનું આયોજન સંસ્થાની શાળા શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલમાં કરવામાં આવ્યું હતું.

પ્રથમ વાલીમિત્રોની મીટિંગ રાખવામાં આવી હતી, તેમને રસી વિશે માહિતી આપી બાળકોને પ્રોત્સાહિત કરવા માટે સમજાવવામાં આવ્યા હતા અને પછી રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થાના અગ્રણી ડૉ. વીણાબેન પટેલ, કૌશલ્યાબેન પરીખ અને દશરથભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર ભારતની સંસ્કૃતિના આચાર્ય



ધાર્મિક અને આધ્યાત્મિક ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ૦૭મી મે, ૧૮૬૧ના રોજ કલકત્તા ખાતે દેવેન્દ્રનાથ ટાગોર અને શારદાદેવીના ઘરે થયો હતો. આઠ વર્ષની નાની ઉમરે તેમણે કવિતાઓ લખવાનું શરૂ કરેલ. તેમના લખાણોમાં પ્રકૃતિ પ્રેમ અને આધ્યાત્મિકતા ઉપર વધારે આધારિત હતાં. તેમની કાવ્યાત્મક શૈલી ૧૫ મી અને ૧૬ મી સદીના વૈષ્ણવ કવિઓ જેવી છે. તેર વર્ષની વયે 'અભિલાષા' નામની કવિતા એક પત્રિકામાં પ્રકાશિત થઈ. ૧૮૭૮માં સત્તર વર્ષની ઉમરે તેઓ તેમના ભાઈ સત્યેન્દ્રનાથ કે જેઓ ભારતીય સિવિલ સર્વિસમાં નિમણૂક પામનાર પ્રથમ ભારતીય હતા તેઓની સાથે ઈંગ્લેંડ ગયા. ૧૮૮૩માં તેમના લગ્ન મૃણાલિની દેવી સાથે થયા.

ટાગોરની સૌથી જાણીતી કવિતા સંગ્રહ 'ગીતાંજલી' (બંગાળી: ગીતાજલી)ને ઈન્ડિયન સોસાયટી, લંડન દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રકાશિત કરેલ અને આ કાવ્યસંગ્રહ માટે ટાગોરને ૧૯૧૩માં સાહિત્ય ક્ષેત્રે નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પુરસ્કાર મેળવનાર તેઓ રૂઝવેલ્ટને બાદ કરતા યુરોપ બહારના પ્રથમ વ્યક્તિ હતા. તેના બે વર્ષ બાદ અંગ્રેજ સરકારે તેમને 'નાઈટહૂડ'ની ઉપાધી આપી. આ ઉપાધી મેળવનારના નામની આગળ 'સર' લાગતું હોય છે. પરંતુ ભારતીયો પ્રત્યે અનહદ આદર ધરાવતા પરંતુ ભારતીય રાજપ્રથાથી નારાજ અને જલિયાવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં તેમણે આ ઉપાધિનો ત્યાગ કર્યો. માતૃભાષામાં જ શિક્ષણ આપવાના તેઓ આગ્રહી હતા. અને તેને લઈને શિક્ષણ સુધારણા માટે અનેક પ્રયત્નો આદર્યા અને તે માટે વિશ્વપ્રસિધ્ધ 'શાંતિનિકેતન' અને 'વિશ્વભારતી' ની સ્થાપના કરી. ટાગોરે ૨,૨૩૦ જેટલા ગીતોમાં સંગીત આપ્યું હતું. તેમણે બંગાળી એકતાને જાગૃત કરવાના ઈરાદા સાથે 'અમાર શોનાર બાંગ્લા' ગીતની રચના કરી જે પાછળથી બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત બન્યું. તેમના દ્વારા 'જન ગણ મન' બંગાળીના સંસ્કૃત સ્વરૂપ શાધુ-ભાષામાં લખવામાં આવ્યું હતું. પ્રકૃતિને આદર આપવા માટે આધુનિક માણસ જે રીતે નિષ્ફળ રહ્યો હતો તેના વિશે તેમણે ઝનૂનથી લખ્યું. એક સદી અગાઉ પણ પર્યાવરણના શોષણ વિશે બોલતા આ કવિ પ્રકૃતિ પ્રેમી હતા. રણને વધતું અટકાવવા અને તેમાં વૃક્ષો ઉગાડી તેને લીલુંછમ્મ બનાવવા માટેનું વર્ણન ટાગોરે ગીત 'મારુવિજયૈરા કટાના યુરાઓ હે શૂનેય'માં ખૂબ સુંદર કર્યું છે.

આધુનિક ભારતના સૃજનશીલ કવિની અન્ય મુખ્ય રચનાઓમાં ગીતાલી, ગીતિમાલ્યા, શિશુ, કણિકા, ક્ષણિકા છે. તેમણે ઘણા પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ પણ કરેલ છે. કવિતા અને વાર્તા લેખનમાં ભાષાનું નિયંત્રણ કેવી રીતે રાખવું તેના શ્રેષ્ઠ નમૂનો એ 'ગીતાજંલી' અને તેમની વાર્તાઓ કાબૂલીવાલા, માસ્તર સાહબ અને પોસ્ટમાસ્ટર છે. તેમની એક બાલ કવિતાનો અનુવાદ યુગજીત નવલપુરીએ કર્યો છે.

'વિપદાઓ સે રક્ષા કરો-
યહ ન મેરી પ્રાર્થના, યહ કરો વિપદ
મેં ન હો ભય.'

અને ગીતાંજલીની એક પંક્તિનો અનુવાદ હંસકુમાર તિવારીએ ખુબ સુંદર કરેલ છે:

'મેરા શીશ નવા દો અપની
ચરણ ધૂલ કે તલ મેં;
દેવ! ડુબા દો અહંકાર સબ
મેરે આંસુ- જલ મેં.'

'તારી જો હાક સુણી કોઈ ના આવે, તો એકલો જાને રે! એકલો જાને, એકલો જાને, એકલો જાને રે!' આ ગીત રવિન્દ્રનાથ દ્વારા બંગાળીમાં લખાયેલ છે તેનો અનુવાદ ગુજરાતીમાં મહાદેવભાઈ દેસાઈએ કર્યો છે. તેમની ટૂંકી વાર્તા 'પ્રતિનિધિ'નો અનુવાદ ઝવેરચંદ મેઘાણીએ કર્યો છે. બંગાળી લોકજીવન એ તેમના લેખનકાર્યનું હૃદય છે. 'ગલપગુચ્છા'માં મુખ્યત્વે ભારતીય લોકોની ગરીબી, નિરક્ષરતા અને પછાતપણા ઉપરની વાર્તાઓનો સંગ્રહ છે. તેમના નેતૃત્વમાં બંગાળના ભાગલાના વિરોધમાં 'બંગ ભંગ' આંદોલનનો પ્રારંભ થયેલો. ટાગોર ૧૯૨૦માં અમદાવાદ આવેલા, ત્યારે એમના વિષેનો પરિચયાત્મક લેખ 'કવિવર રવીન્દ્રનાથ' નામથી કાકાસાહેબે સૌ પ્રથમ ગુજરાતીમાં લખ્યો. ટાગોરે 'સાધના'ના સંપાદક તરીકે પણ કાર્ય કર્યું.

સંગીત એ બે આત્માઓના અંતરને ઓછું કરે છે તેમ કહેતા રવિન્દ્રનાથે જાપાનીજ હાઈકું 'ફાયર ફ્લાઈઝ'નો બંગાળીમાં અનુવાદ કરેલ છે અને તેનું સુરેશ દલાલે ગુજરાતીમાં સુંદર રૂપાંતર કરે છે તેમાંના કેટલાક વાક્યો કે જે હૃદય સ્પર્શી છે તે જોઈયે. 'જે માણસ સારું કામ કરે છે એ મંદિરના દ્વાર સુધી પહોંચે છે, જે પ્રેમ કરે એ મંદિરના ગર્ભાગાર સુધી. ઈશ્વર રાહ જુએ છે કે લોકો પ્રેમ વડે મંદિર બાંધે, પણ માણસો પ્રેમને બદલે પથ્થર લાવે છે. ફૂલ એ સ્થિર પતંગિયું છે, પતંગિયું એ ઊડતું ફૂલ છે.'

જેમના લેખનકાર્યે પૂર્વ અને પસ્ચિમની દૂરી મીટાવી દિધી હતી. આવા મહાન લેખક ભારતની સ્વતંત્રતા જોયા વિના ૦૭ ઑગસ્ટ, ૧૯૪૧ના દિવસે આપણી વચ્ચેથી વિદાય લિધી.




# જિંદગીના નાટકમાં રિહર્સલ્સ નથી હોતાં

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને સંસ્કૃતિ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આયોજિત પાંચ દિવસીય નાટ્ય તાલીમ શિબિરના પ્રથમ દિવસે કલ્પેશ ભટ્ટનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૬

'આમ તો નાટક અને જિંદગી સમાન જ ગણાય છે, જિંદગીમાંય આપણે અભિનય કરતા હોઈએ છીએ. તો પછી સવાલ એ થાય કે 'નાટક શું કામ?' અથવા 'નાટક અને જિંદગીમાં ફરક શું છે?' તો જવાબ છે કે નાટક એ રિહર્સ્ડ ઍક્ટ છે, રિહર્સલ પછી ભજવાય છે અને જિંદગીના નાટકમાં રિહર્સલ્સ નથી હોતાં.'

રાજ્ય સરકાર માટે સેવારત ઉચ્ચ અધિકારી અને જાણીતા નાટ્યકાર કલ્પેશ ભટ્ટ દ્વારા આ શબ્દોનું ઉચ્ચારણ અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે સોમવારે કરવામાં આવ્યું હતું.

કૉલેજ અને સંસ્કૃતિ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આયોજિત નાટ્ય તાલીમ શિબિરના પ્રથમ વક્તા તરીકે 'નાટકનાં વિવિધ પાસાઓ' વિષયે બોલતાં કલ્પેશ ભટ્ટે શૅક્સપિયરથી માંડીને લાભશંકર ઠાકરનાં નામો યાદ કરીને ગ્રીક નાટકોથી શરૂ કરીને આધુનિક ગુજરાતી નાટકો સુધીની સુમધુર સફર શિબિરમાં સામેલ વિદ્યાર્થિનીઓને કરાવી હતી. નાટકના પ્રકારો, નાટકના લેખન માટે ધ્યાનમાં રાખવાની બાબતો અને નાટકની સારી ભજવણી અંગેની વાતો તેમણે મુક્ત મને વિદ્યાર્થિનીઓ સાથે કરી હતી.

એ પછી કુંતલ નિમાવત દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રાયોગિક નાટક કરાવીને નાટકની સમજ આપવામાં આવી હતી.

શિબિરના પ્રારંભે શિબિરની ભૂમિકા સંસ્કૃતિ સંસ્થાના મંત્રી મનોજ શુક્લ દ્વારા આપવામાં આવી હતી. આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. કૅમ્પસ ડિરેક્ટર રણછોડભાઈ ચૌધરીએ વિદ્યાર્થિનીઓને અભ્યાસેતર પ્રવૃત્તિમાં જોડાવા બદલ અભિનંદન અને નાટ્ય શિબિર માટે શુભકામનાઓ પાઠવી હતી. ઉદ્ઘાટન કાર્યક્રમનું સંચાલન ડૉ. લિના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું. મનોજ શુક્લ દ્વારા શિબિરનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેમને પ્રૉ. મુન્નાબેન ચૌધરીનો સહકાર સાંપડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પાંચ દિવસીય શિબિરમાં નાટ્યના વિવિધ પાસાઓ અંગે અલગ-અલગ નિષ્ણાતોનાં પ્રવચનો અને પાંચેય દિવસ કુંતલ નિમાવત દ્વારા પ્રાયોગિક નાટકની તાલીમ વિદ્યાર્થિનીઓને આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.



મંગળવારે શિબિરના બીજા દિવસે 'કૉલેજના વિદ્યાર્થી તરીકે નાટકનું નિર્માણ અને લેખન કેવી રીતે કરશો ?' વિષયે ઉત્સવ પરમાર, બુધવારે 'નાટકનું દિગ્દર્શન એટલે શું ? તેની જવાબદારીઓ અને ચિંતાઓ' વિષયે અખ્તર સૈયદ, ગુરુવારે 'નાટકના સારા કલાકાર બનવા શું કરશો ?' વિષયે નરેશ ફિટર અને શુક્રવારે 'પાત્રમાં પરકાયા પ્રવેશ કેવી રીતે કરશો ?' વિષયે હિના ઉપાધ્યાયનું વક્તવ્ય શિબિર અંતર્ગત યોજવામાં આવ્યું છે. કૉલેજનાં ત્રણેય વર્ષની ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ આ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહી છે.